Prabhat

EDII

September 28, 2024
Pg. 7

# ઈડીઆઈઆઈ એ સંરક્ષણ કર્મચારીઓ માટે વિશિષ્ટ તાલીમ કાર્યક્રમનું આયોજન કર્યું

ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થાન (ઈડીઆઈઆઈ) અમદાવાદે ભારતીય સશસ્ત્ર દળોના જુનિયર કમિશન્ડ ઓફિસર્સ (JCOs) અને અન્ય રેંક (ORs) માટે યૂનિક રીતે તૈયાર કરેલ ૧૨ સપ્તાહનો સઘન તાલીમ કાર્યક્રમ પૂર્ણ કર્યો. ઈડીઆઈઆઈ કેમ્પસ ખાતે 'સંરક્ષણ કર્મચારીઓની ઉદ્યમી તાલીમ" વિષય પર કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં આર્મી, નેવી અને એરફોર્સના ૩૧ કર્મચારીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સશસ્ત્ર દળોથી નાગરિક જીવનમાં સંક્રમણ સાથે આવતા અનોખા પડકારો અને તકોને સમજતા અભ્યાસક્રમમાં વ્યવસાયિક વિચારધારા, આયોજન, નાણાકીય વ્યવસ્થાપન, માર્કેટિંગ, નેતૃત્વ અને વ્યવહારિક વ્યવસાય અમલીકરણમાં વ્યાપક તાલીમ આપવામાં આવી હતી અને સહભાગીઓને તેમના લોન્ચ અને સંચાલન માટે જરૂરી જ્ઞાન અને સાધનો સાથે સશક્તિકરણ આપવામાં આવ્યું હતું.

ઈડીઆઈઆઈના ડાયરેક્ટર જનરલ ડૉ. સુનિલ શુક્લા એ કહ્યું કે, "ઉદ્યોગ સાહસિક કૌશલ્ય સશસ્ત્ર દળોમાંથી નાગરિક જીવનમાં સંક્રમણની પ્રક્રિયાને સરળ બનાવી શકે છે. આ કાર્યક્રમ ખાસ કરીને સશસ્ત્ર દળના કર્મચારીઓને તેમના યૂનિક વ્યક્તિત્વના ગુણો પર લાભ મેળવવા, ઉદ્યોગસાહસિક કૌશલ્ય પ્રાપ્ત કરવાના ઉદ્દેશથી ડિઝાઈન કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત યોગ્યતાઓ અને તેમના પોતાના વ્યવસાયને ફ્લોટ કરવા માટે હું ખુશ છું કે, અમે તેમને યોગ્ય રીતે સલાહ અને તાલીમ પ્રદાન કરી શક્યા."

હેન્ડ ઓન ટ્રેનિંગ માટે સહભાગીઓએ સિદ્ધયક વીવિંગ પ્રાઈવેટ લિમિટેડ અમદાવાદ અને પ્રતિષ્ઠિત સ્ટેચ્યૂ ઓફ યુનિટી સહિત મુખ્ય ઔદ્યોગિક સ્થળોની મુલાકાત લીધી હતી. તેમણે વિવિધ વ્યવસાયિક કામગીરીઓ અને વ્યવસાય ગ્રોથ હાંસલ કરવામાં સામેલ પરિબળોનું અવલોકન કર્યું હતું.